# પૂજ્ય મોરારિબાપુનો સંદેશ

'વાંચે ગુજરાત અભિયાન' મારી દ્રષ્ટિએ આપણી ભાષા માટેની ગુજરાતની સાધના છે. જેમકે, લખવું એટલે ઓળખવું પણ થાય એમ જ વાંચવું એટલે પારખવું પણ થઇ શકે. આપણે કહેતા હોઇએ છીએ કે એમણે વાંચી લીધું અથવા મારું રીડિંગ એ ઘટના માટે આવું છે વગેરે. એટલે વાંચવું એટલે પારખવું એમ માની શકાય.

માણસ વાંચતો થાય તો જાણકારી મળે. સાચી જાણકારી વડે પ્રતીતિ ઊભી થતી હોય છે. જ્યાં પ્રતીતિ થાય ત્યાં પ્રીતિનું નિર્માણ થાય જ. વાંચવા માટે ભણવું જરૂરી છે. માણસ ભણે તો પોતાની ચેતના વડે ગ્રંથ અથવા ગેબ કોઇપણને વાંચતો થાય તો પોંખાતો પણ થાય.

આપણી ગુજરાતી ભાષાનું વિપુલ અને વૈવિધ્યપૂર્ણ સાહિત્ય વંચાતું થાય, તો આ સાહિત્ય સૌના હિતમાં ઉમેરો કરી શકે. મારી દ્રષ્ટિએ છેલ્લા વર્ષોમાં આપણે ત્યાં ખૂબ જ લખાતું રહ્યું છે, પ્રકાશિત થઇ રહ્યું છે પરંતુ જોઇએ તેટલું વંચાતું નથી.

માટે 'વાંચે ગુજરાત અભિયાન' એક અનુષ્ઠાન છે. આ સમગ્ર પ્રવૃત્તિ માટે મારી પ્રસન્નતા વ્યકત કરું છું. હું તો ઇચ્છું છું કે સ્વર્ણિમ ગુજરાતના સાત્વિક પ્રસંગે ગુજરાત વધુને વધુ વાંચતું થાય એટલું નહીં, પરંતુ હસતું ગુજરાત, નાચતું ગુજરાત, ગાતું ગુજરાત વિશેષ રૂપમાં બનતું રહે એવો મારો મનોરથ છે.

આ અનુષ્ઠાનીય સાધના પ્રવૃત્તિ માટે મારી શુભકામના.

લિ.

**રામસ્મરણ સાથે**
**મોરારિબાપુ**